| જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- નવસારી | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી નવસારી |
| --- | --- |
| બી.પી.બારીયા સાયન્સ ઇન્સ્ટીટ્યુટ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કંપાઉન્ડ, |
| સયાજી રોડ, નવસારી | બોયસ હોસ્ટેલ બિલ્ડીંગ, પ્રથમ માળ, ઇટાળવા, |
| ઈમેલ: bpbsinvscsc@gmail.com | ગણદેવી રોડ, નવસારી, જિ. નવસારી |
| મો : - 9033190247 | ઈમેલ: navsarideo@gmail.com |


Date- 04/01/2022

Ref. no CSC NVS STEM QUIZ 2022/56

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક , ઉ.માધ્યમિક શાળાઓ
જિ. નવસારી

વિષય :- ગુજકોસ્ટ આયોજિત ધોરણ ૯ થી ૧૨ના વિધાર્થીઓ માટે STEM QUIZ માં ભાગ લેવા બાબત

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ (DST)ના પેટાવિભાગ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી (GUJCOST) ગાંધીનગર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે સાયન્સ , ટેક્નોલૉજી ,એન્જિનિયરિંગ અને મેથેમેટીક્સ (STEM) ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ STEM quiz ની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને પ્રૌધોગિકી વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઈ વાઘણી દ્વારા ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સાયન્સ સિટી અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. આ ક્વિઝ સ્પર્ધા સૌ પ્રથમ ઓનલાઈન માધ્યમથી જિલ્લાકક્ષાએ અને ત્યારબાદ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે ગ્રાન્ડ ફિનાલે યોજાશે. જેમાં ટોચના ૨૦૦૦ વિધાર્થીઓને ગુજરાત સાયન્સ સિટી અમદાવાદની નિ:શુલ્ક ટુર કરાવવામાં આવશે. તેમજ વિજેતા વિધાર્થીઓને ૧ કરોડ સુધીના ઇનામો પુરસ્કાર રૂપે આપવામાં આવશે. આ સ્પર્ધામાં એક શાળામાંથી વધુમાં વધુ વિધાર્થીઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે વિધાર્થીઓએ ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં www.gujcost.co.in પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ કવિઝ સ્પર્ધા ગુજરાતી / અંગ્રેજી ભાષામાં રહેશે

જિલ્લામાંથી ભાગ લેવા માગતા વિધાર્થીઓ આ કવિઝની વધુ માહિતી માટે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- નવસારીના ચીફ કો –ઓર્ડિનેટર શ્રી મિહિરભાઈ પટેલ મો- ૯૦૩૩૧૯૦૨૪૭, સાયન્સ કોમ્યુનિકેટર દિવ્યકાંત ચૌધરી મો- ૯૭૧૨૬૫૬૭૪૨, રૂચન પટેલ મો- ૮૧૬૦૦૩૮૭૫૦ નો સંપર્ક કરવો.

આભાર સહ...

નોંધ- ઉપરોક્ત કવિઝમાં જિલ્લાની શાળાના ધો ૯ થી ૧૨માં અભ્યાસ કરતા મહતમ વિધાર્થીઓના રજીસ્ટ્રેશન થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

(સ્ટેમ્પ: જિ. શિક્ષણાધિકારી કચેરી. નવસારી, જિલ્લો નવસારી, આવક નંબર 27, તારીખ 7/1/22, હેડ ક્લાર્ક, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી નવસારી, જિ. નવસારી.)

(મિહીર કે. પટેલ)
ચીફ કો –ઓર્ડિનેટર
જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- નવસારી

(આર.એમ. ચૌધરી)
જિલ્લા શિક્ષણાધિકારી
જિ. નવસારી

shree Dharmendrabhai

સામેલ: STEM કવિઝ ગાઈડલાઇન / પોસ્ટર